આદિવાસી ખેડૂતોના જંગલ જમીન હક માટે કોંગ્રેસની CCF કચેરી ખાતે રજૂઆત

# જંગલ જમીનના મુદ્દે ખોપીમાં આંદોલન

**પ્રશ્નો** નહીં ઉકેલાય તો લોકશાહી ઢબે વિરોધની ચેતવણી

**લીલાબેન** વસાવા 18 દિવસથી ઉપવાસ પર, ખેડૂતોનાં ધરણાં




સુરતઃ ખોપી વિસ્તારના આદિવાસી ખેડૂતોના જંગલ જમીન પર ખેતીના હક તથા પેન્ડિંગ ફોરેસ્ટ રાઈટ્સ દાવાઓના મુદ્દે ગુજરાત કોંગ્રેસના પ્રતિનિધિમંડળે આજે સુરત CCF કચેરી ખાતે મુલાકાત કરી વન વિભાગ સમક્ષ મજબૂત રજૂઆત કરી હતી. પ્રતિનિધિમંડળે ખેડૂતોના પેન્ડિંગ દાવાઓની યોગ્ય અને તાત્કાલિક ચકાસણી કરી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરવાની તેમજ અસરગ્રસ્ત ખેડૂતો સાથે સમાન અને ન્યાયસંગત અભિગમ અપનાવવાની માંગ કરી હતી.

ખોપી વિસ્તારમાં આદિવાસી ખેડૂતો પોતાના પરંપરાગત ખેતીના હક અને ફોરેસ્ટ રાઈટ્સ દાવાઓના મુદ્દે આંદોલન કરી રહ્યા છે. મહિલા આગેવાન લીલાબેન વસાવા છેલ્લા 18 દિવસથી અનશન પર હોવાનું જણાવાયું છે, જ્યારે સ્થાનિક આદિવાસી ખેડૂતો પણ પોતાની માંગણીઓને લઈને ધરણા પર બેઠા છે. આ પરિસ્થિતિ વચ્ચે આજે કોંગ્રેસના પ્રતિનિધિમંડળે CCF પુનીત નાયર અને DCF ધીરજકુમાર સાથે રૂબરૂ બેઠક કરી હતી. બેઠક દરમિયાન અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પોતાની રજૂઆતો વન વિભાગ સમક્ષ મૂકી હતી.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે સાગબારા અને ઉમરપાડા બંને વિસ્તારોના ખેડૂતોના ફોરેસ્ટ રાઈટ્સના દાવાઓ પેન્ડિંગ છે. જો ઉમરપાડા વિસ્તારના પેન્ડિંગ દાવેદારો સાથે એક પ્રકારનો અભિગમ અપનાવવામાં આવે છે, તો સાગબારાના ખેડૂતો સાથે અલગ અને અન્યાયપૂર્ણ વ્યવહાર કેમ કરવામાં આવે છે તે અંગે તેમણે સવાલ ઉઠાવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે જ્યાં સુધી ખેડૂતોના દાવાઓ અંગે કાયદેસર અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી પેન્ડિંગ દાવેદારોને તેમની પરંપરાગત જમીન પર ખેતી કરતા રોકવા માટે સરકાર અને વન વિભાગે સ્પષ્ટ કાયદેસર આધાર રજૂ કરવો જોઈએ. આ બેઠકમાં સંદીપ માંગરોલા, દર્શન નાયક, સુરેશભાઈ વસાવા, શેરખાન પઠાણ, ધનરાજ વસાવા, ખોપીના સરપંચ ઈશ્વરભાઈ વસાવા, રાજુભાઈ વસાવા, દશરથ લાલમા, દયારામભાઈ વસાવા સહિત અસરગ્રસ્ત ખેડૂતો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### સંદીપ માંગરોલાએ રેકર્ડની તપાસની માંગ કરી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી સંદીપ માંગરોલાએ ખોપી વિસ્તારના ખેડૂતોના પેન્ડિંગ દાવાઓની યોગ્ય રીતે ચકાસણી કરવાની માંગ કરી હતી. તેમણે વર્ષ 2010ના ગ્રામસભા ઠરાવ સહિત સમગ્ર મામલાને લગતા તમામ સંબંધિત રેકર્ડની તપાસ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

### 608 પેન્ડિંગ દાવાઓનો મુદ્દો ચર્ચામાં

સાગબારા અને ઉમરપાડા વિસ્તારના ખેડૂતોના પેન્ડિંગ ફોરેસ્ટ રાઈટ્સ ક્લેમ અંગે કોંગ્રેસ દ્વારા તાત્કાલિક ચકાસણી અને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસના જણાવ્યા મુજબ, ખેડૂતોના હકો સાથે જોડાયેલા આ દાવાઓનો વહેલી તકે નિકાલ થાય અને સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય તે જરૂરી છે.

- **ખેડૂતોનો દાવો :** માલિકી હક આપો અને ખેડાણ ચાલુ રાખવા દો
- **વન વિભાગનો દાવો :** આ વિવાદિત જમીન વન વિભાગની માલિકીની છે.

---

ખાંડની અછત વચ્ચે દ.ગુ.ની સુગર મિલોમાં 10 લાખ ગુણી ખાંડ છે પરંતુ

# ખાંડના ભાવ વધ્યા, પણ સરકારનો લઘુત્તમ ભાવ વધતો જ નથી!

**વર્ષ-2014માં** રૂ.29 પ્રતિ કિલોથી વધી વર્ષ-2021માં ખાંડની લઘુત્તમ વેચાણ કિં.રૂ.31 થયા પછી વધી નથી, એ કિં.રૂ.50 થવી જોઈએઃ જયેશ દેલાડ

સુરતઃ એક તરફ દેશમાં ખાંડની અછત છે ત્યારે બીજી તરફ દક્ષિણ ગુજરાતની સુગર મિલોમાં અંદાજે 10 લાખ ગુણીઓ જેટલો ખાંડનો સ્ટોક હોવાથી આ મિલોને હવે વધતા ભાવોમાં મોટો આર્થિક લાભ થશે તેમ મનાઈ રહ્યું છે. જોકે, ખાંડના ભાવ વધારાનો વાસ્તવિક લાભ શેરડી પકવતા ખેડૂતો અને સહકારી સુગર મંડળીઓને કેટલો મળશે એ અંગે સહકારી ક્ષેત્ર તથા ખાંડ ઉદ્યોગમાં ચર્ચા તેજ બની છે. સાથે સાથે ખાંડનો ઉત્પાદન ખર્ચ વધી ગયો હોવાથી હવે ખાંડના ટેકાના ભાવો વધારવાની માંગણી કરવામાં આવી છે.

સુરત જિલ્લાના સહકારી અને ખેડૂત આગેવાન જયેશભાઈ પટેલ (દેલાડ)ના જણાવ્યા મુજબ, ખાંડના ભાવ વધવાથી ખેડૂતો અને સુગર મિલોના સંચાલકો ખુશ છે, પરંતુ વર્તમાન સ્થિતિનો સમગ્ર લાભ ખેડૂતોને મળતો નથી. તેમના જણાવ્યા મુજબ સરકારે વર્ષ-2014માં ખાંડની લઘુત્તમ વેચાણ કિં.રૂ.29 પ્રતિ કિલો નક્કી કરી હતી, જ્યારે વર્ષ 2021માં તેને વધારીને રૂ.31 પ્રતિ કિલો કરવામાં આવી હતી. ત્યારબાદ પાંચ વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં લઘુત્તમ વેચાણ કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. બીજી તરફ સુગર મિલોનો ખાંડ ઉત્પાદન ખર્ચ વધીને અંદાજે રૂ.50 પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. જ્યારે બજારમાં ખાંડનો રિટેલ ભાવ હાલમાં આશરે રૂ.75થી 80 પ્રતિ કિલો સુધી પહોંચ્યો છે. આ સ્થિતિને જોતાં સરકાર દ્વારા ખાંડની લઘુત્તમ વેચાણ કિંમતમાં તાત્કાલિક વધારો કરવાની જરૂરિયાત હોવાનું દેલાડે જણાવ્યું હતું. તેમણે વડાપ્રધાન અને કેન્દ્રીય કૃષિ મંત્રી સમક્ષ માંગણી કરતાં કહ્યું હતું કે, ખાંડની લઘુત્તમ વેચાણ કિં. રૂ.50 પ્રતિ કિલો કરવામાં આવે, તો જ વધેલા બજારભાવનો યોગ્ય લાભ ખેડૂતો તથા સહકારી સુગર મંડળીઓને મળી શકે.

ખેડૂતોના મતે માત્ર ખાંડના બજારભાવ વધવાથી તેમની આવક વધતી નથી. શેરડીના ઉત્પાદન ખર્ચ, જમીન, ખાતર, મજૂરી અને પાકની ઉત્પાદકતાને ધ્યાનમાં રાખીને યોગ્ય ભાવ મળવો જરૂરી છે.

### સફેદ માખીનો ઉપદ્રવ અને અતિવૃષ્ટિની અસર

શેરડીના ઉત્પાદનમાં ઘટાડા પાછળ અનેક કારણો જવાબદાર હોવાનું ખેડૂતોનું કહેવું છે. સતત બદલાતી હવામાન પરિસ્થિતિ, અતિવૃષ્ટિ અને ભારે વરસાદથી શેરડીની વાવણીલાયક જમીનનું ધોવાણ થયું છે. બીજી તરફ મોડું શેરડીનું રોપણ, શેરડી બાળવાની પ્રથા અને પ્રદૂષણને કારણે શેરડીના પાકમાં સફેદ માખીનો ઉપદ્રવ વધ્યો છે. ખેડૂતોના જણાવ્યા પ્રમાણે સફેદ માખીના સતત ઉપદ્રવથી શેરડીના પાકની ગુણવત્તા તથા ઉત્પાદનક્ષમતા બંને પર અસર પડી છે. પરિણામે સુગર મિલોને પૂરતી શેરડી મળતી ન હોવાથી મિલોની કામગીરી અને નાણાકીય સ્થિતિ પર પણ તેની અસર પડી રહી છે.

### સુરત, તાપી જિલ્લાની કેટલીક સુગર મિલોની સ્થિતિ નાજૂક

દક્ષિણ ગુજરાતમાં સુગર ઉદ્યોગ સામેના પડકારો માત્ર શેરડીના ઉત્પાદન સુધી મર્યાદિત નથી. ઓલપાડ કાંઠા સુગર અને માંડવી સુગર બંધ પડી હોવાનું જણાવતાં જયેશભાઈ પટેલે કહ્યું કે, વ્યારા સુગર અને વટારિયા ગણેશ સુગર પણ નાણાકીય રીતે મુશ્કેલીભરી સ્થિતિમાંથી પસાર થઈ રહી છે. કેટલીક સહકારી સુગર મંડળીઓ પણ મુશ્કેલી વચ્ચે કામગીરી ચાલુ રાખી રહી છે. વલસાડ સુગર સહિતની કેટલીક મિલો પણ ખર્ચ અને સંચાલનના વધતા પડકારો વચ્ચે વિવિધ રીતે ટકી રહેવાનો પ્રયાસ કરી રહી છે.

---

## બારડોલી ગુડ્સ શેડથી પહેલીવાર કાગળનો જથ્થો આસામ રવાના

સુરતઃ સુરત જિલ્લાના બારડોલી રેલવે ગુડ્સ શેડ પરથી માલ પરિવહનની ક્ષેત્રે એક નવી અને મહત્ત્વપૂર્ણ શરૂઆત થઈ છે. મુંબઈ મંડળના બારડોલી ગુડ્સ શેડથી પીસમીલ ડિમાન્ડ શ્રેણી અંતર્ગત કાગળની પહેલી ડિલીવરી આસામ તરફ રવાના કરવામાં આવી છે. આ વ્યવસાયિક શરૂઆતથી હવે બારડોલીથી દેશના અન્ય હિસ્સાઓમાં માલ મોકલવા માટે રેલવે પરિવહનના નવા દ્વાર ખુલ્યા છે.

મળતી માહિતી મુજબ, એક લોજિસ્ટિક્સ કંપની દ્વારા 22 ઓગસ્ટે બારડોલીથી અસમના અજારા સુધી કાગળ મોકલવાની માંગણી નોંધાવવામાં આવી હતી. ત્યારબાદ 24 ઓગસ્ટે બારડોલી ગુડ્સ શેડ પર કાગળ લોડ કરવા માટે એક બીસીએન વેગન ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો, જેમાં પેપર મિલના કાગળના બંડલ સુરક્ષિત રીતે લોડ કરવામાં આવ્યાં હતા. પ્રથમ ડિલીવરીમાં કુલ 56.73 ટન કાગળ બારડોલીથી અજારા મોકલવામાં આવ્યો છે. રેલવેના રેકોર્ડ મુજબ બારડોલીથી અજારાનું અંતર અંદાજે 2,450 કિલોમીટર છે. આ એક જ વેગનની માલની ડિલીવરીથી રેલવેને રૂ.1,33,583નો ભાડા (ફ્રેટ) રૂપે આવક પ્રાપ્ત થઈ છે.

### ઉદ્યોગો અને વ્યાપાર માટે નવા વિકલ્પો ખુલ્લા

આ બારડોલી ગુડ્સ શેડ પરથી થનારું પહેલું આઉટવર્ડ પીસમીલ લોડિંગ ટ્રાફિક છે. એટલે કે હવે બારડોલીથી તૈયાર માલને લાંબા અંતરના બજારો અને અન્ય રાજ્યોમાં મોકલવા માટે રેલવેનો ઉત્તમ વિકલ્પ સક્રિય થયો છે. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક જ વેગનમાં 56 ટનથી વધુ માલને આટલા લાંબા અંતરે મોકલવાથી માર્ગ પરિવહનની સરખામણીએ રેલ નેટવર્કના ઉપયોગને વેગ મળશે.

---

## ગિનીના રાજદૂત કોન્ટે અલાસાને સુરત APMCના બાયોગેસ પ્લાન્ટથી પ્રભાવિત

**ઉત્પાદન** અને કૃષિ માટે ઉપયોગી ખાતર તૈયાર કરવાની સમગ્ર પ્રક્રિયાને વખાણી



સુરતઃ પશ્ચિમ આફ્રિકામાં આવેલા ગિની દેશનાં રાજદૂત કોન્ટે અલાસાનેએ સુરત એપીએમસીની મુલાકાત દરમિયાન અહીંના શાકભાજી વેસ્ટમાંથી ઊર્જા પેદા કરવાના બાયોગેસ-બાયો-CNG પ્લાન્ટની કામગીરીના ખાસ વખાણ કર્યા હતા. શાકભાજી વેસ્ટ સમસ્યા નહીં પરંતુ સંસાધન બનાવી તેમાંથી ઊર્જા અને કૃષિ માટે ઉપયોગી ઉત્પાદનો તૈયાર કરવાની સુરત એપીએમસીની પહેલથી તેઓ પ્રભાવિત થયા હતા.

ગિની દેશનાં રાજદૂત કોન્ટે અલાસાને સાથે બે દેશો વચ્ચેની ખેતપ્રેદાશોનું ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કઈ રીતે વધારી શકાય તે માટે સુરત એપીએમસીનાં ચેરમેન અંકુર પટેલ, વાઈસ ચેરમેન હર્ષદ પટેલ અને ડિરેક્ટર બાબુભાઈ શેખ(રાજાબાબુ), ધર્મેશ દલાલ સહિતનાં આગેવાનોએ વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ મુલાકાત દરમિયાન કોન્ટે અલાસાનેએ સુરત એપીએમસીની ફૂડ પ્રોસેસિંગ, કૃષિ પેદાશોના મૂલ્યવર્ધન અને શાકભાજી-ફળોના કચરામાંથી બાયોગેસ તથા બાયો-CNGનું ઉત્પાદન કેવી રીતે કરવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી હતી. સુરત એપીએમસીના બાયોગેસ પ્લાન્ટમાં શાકભાજી અને ફળોના કચરાનો ઉપયોગ કરીને બાયોગેસ તૈયાર કરવામાં આવે છે.

ગીનીનાં રાજદૂત કોન્ટે અલાસાને ખાસ કરીને શાકભાજી વેસ્ટનાં વૈજ્ઞાનિક નિકાલ સાથે ઊર્જા ઉત્પાદન અને કૃષિ માટે ઉપયોગી ખાતર તૈયાર કરવાની સમગ્ર પ્રક્રિયાને વખાણી હતી અને આ પહેલ પર્યાવરણ સંરક્ષણ સાથે કૃષિ ક્ષેત્રને પણ સીધો લાભ પહોંચાડે છે તે બાબતની તેમણે પ્રશંસા કરી હતી તેમજ ચેરમેન અંકુર પટેલ સહિતનાં આગેવાનોને ગીની પધારવા અને વેપાર વિકસાવવાની અપીલ કરી હતી.

---

## સુરત થઈને ગોરખપુર જતી સ્પેશિયલ ટ્રેન હવે કાયમી દોડાવવામાં આવશે

**ઉત્તર** ભારતના મુસાફરો માટે મોટી ભેટ

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા ઉત્તર ભારત તરફ મુસાફરી કરતા પ્રવાસીઓ માટે એક અત્યંત રાહતરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી સ્પેશિયલ ટ્રેન તરીકે દોડતી બાન્દ્રા ટર્મિનસથી ગોરખપુર વચ્ચેની ટ્રેનને હવે કાયમી ધોરણે નિયમિત કરી દેવામાં આવી છે. અગાઉની સ્પેશિયલ ટ્રેન (નં. 05054/05053)ને નિયમિત સેવામાં રૂપાંતરિત કરીને હવે તેને નવી ટ્રેન સંખ્યા 15086/15085 બાન્દ્રા ટર્મિનસ-ગોરખપુર અમૃત ભારત સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે ચલાવવામાં આવશે. આ નિર્ણયથી સુરત સહિત દક્ષિણ ગુજરાત અને ઉત્તર ભારતના મુસાફરોને તહેવારોની મોસમમાં અવરજવર માટે વધુ એક વિશ્વસનીય રેલ વિકલ્પ પ્રાપ્ત થશે.

ટ્રેન નંબર 15086 (બાન્દ્રા ટર્મિનસથી ગોરખપુર) દર શનિવારે રાત્રે 9:45 કલાકે બાન્દ્રા ટર્મિનસથી રવાના થશે અને સોમવારે સવારે 6:45 કલાકે ગોરખપુર પહોંચશે, જેની નિયમિત સેવા 29 ઓગસ્ટ 2026થી શરૂ થશે. જ્યારે ટ્રેન નંબર 15085 (ગોરખપુરથી બાન્દ્રા ટર્મિનસ) દર શુક્રવારે સવારે 7:50 કલાકે ગોરખપુરથી ઉપડશે અને બીજા દિવસે સાંજે 5:45 કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે, જેની સેવા 28 ઓગસ્ટ 2026થી કાર્યરત થશે.

---

## ગભેણીમાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરતઃ ગભેણીમાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી પ્રમાણે મૂળ ઉત્તરપ્રદેશના વતની શ્યામુકુમાર પ્રહલાદ નિષાદ (ઉં.વ.19) હાલમાં સચિન ગભેણી રોડ પર આવેલ તિરુમાલા પાર્કમાં પરિવાર સાથે રહેતો હતો અને કડિયા કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. તેમના પિતા પણ કડિયા કામ કરતા હતા. શ્યામુકુમારે આજે સવારે ઘરમાં લોખંડના હુક સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લેતાં પરિવારમાં શોક ફેલાઈ ગયો હતો. શ્યામુકુમારે પ્રેમ પ્રકરણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે તેમજ તેના હાથમાં બ્લેડથી ઈજા કર્યા હોવાના પણ નિશાનો મળી આવ્યા હતા. બનાવની જાણ થતાં પહોંચેલી પોલીસે સચિન જીઆઈડીસી પોલીસે મૃતદેહનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

---

## બુડિયામાં જુગારધામ પર દરોડો બુટલેગર કાલુ, મનોજ સહિત 12 ભાગી છુટ્યા

**બે** ઝડપાયા, ૧૬.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત

**શહેરના** માથાભારે બુટલેગરો જુગાર રમતા હતા

**દરોડામાં** એક સ્વિફ્ટ કારમાંથી ઈંગ્લિશ દારૂનો જથ્થો પણ મળી આવ્યો

સુરતઃ સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બુડીયા ગામના હવેલી ફળિયામાં ચાલતા ધમધમતા જુગારના અખાડા પર પોલીસે દરોડો પાડ્યો છે. દારૂના જથ્થાની બાતમી આધારે પાડવામાં આવેલા આ દરોડા દરમિયાન રૂ.૧૬.૮૨ લાખથી વધુની મતા સાથે ૨ આરોપી ઝડપાઈ ગયા હતા, જ્યારે પોલીસને જોઈને ૧૨ જેટલા જુગારીઓ રાત્રિના અંધારાનો લાભ ઉઠાવી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. ભાગી છૂટેલા મોટા ભાગના શહેરમાં દેશી વિદેશી દારૂ સપ્લાઈ કરવામાં માહિર છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સચીન GIDC પોલીસ મથકના PSI એસ.એસ. સિરસાઠ અને સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે ખાનગી બાતમીદાર મારફતે ચોક્કસ બાતમી મળી હતી કે બુડીયા ગામના હવેલી ફળિયામાં છીમીબેન રાજેશભાઈ પટેલના ઘરમાં હર્ષદ ઉર્ફે હસો રમણભાઈ પટેલ જુગારનો અખાડો ચલાવે છે. બાતમીના આધારે પોલીસ ટેમ્પોમાં સૂતા સૂતા જગ્યા પર પહોંચી હતી. દરોડો પાડતાં જ ત્યાં મચેલી ભાગદોડ વચ્ચે પોલીસે હર્ષદ ઉર્ફે હસો રમણભાઈ પટેલ અને જીગ્નેશ ઉર્ફે જીગો રમણભાઈ પટેલને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપી હર્ષદની સ્વિફ્ટ કારમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો પણ મળી આવતા ગુનો નોંધવાની તજવીજ હાથ ધરાઈ છે.

### નાસી છૂટેલા આરોપીઓ

૧. રાહુલ છીમુ પટેલ (અખાડો ચલાવનાર, બુડીયા ગામ), ૨. પંકજ ઉર્ફે પપ્પુ, ૩. રાજેશ, ૪. દિપક ઉર્ફે દિપલો ઉર્ફે ટાઈગર રાણા (અંબા નગર), ૫. ગોલી (ભટ્ટાર), ૬. મનોજ (બમરોલી), ૭. ઊગો (બમરોલી), ૮. અજય પટેલ (ખજોદ), ૯. કમલેશ ઉર્ફે કાલુ જયંતી પટેલ (ડુંડી), ૧૦. સંદિપ હસમુખ પટેલ, ૧૧. મનિષ રમણભાઈ પટેલ (બુડીયા ગામ), ૧૨. ભાવેશ (બમરોલી)

---

## રેલવે સ્ટેશન પર મોબાઈલની ચીલઝડપમાં આરોપીને 7 વર્ષની જેલ

સુરતઃ સુરત રેલ્વે સ્ટેશન પર મોબાઈલ ફોનની ચીલઝડપ કરનાર આરોપી ફારૂખ ઉર્ફે મંગલી કાદીર સૈયદ (રહે. ભેસ્તાન આવાસ )ને કોર્ટે સાત વર્ષની સખત કેદની સજા અને રૂપિયા એક હજારની રકમનો દંડ ફટકાર્યો હતો. પાંડેસરાનાં ફરિયાદી અરૂણભાઈ લૌટન પાટીલ પોતાના કાકાને રેલવે સ્ટેશન પર તા.૩૦/૧૦/૨૦૨૩ ના રોજ મુકવા ગયાં ત્યારે સિંકદરાબાદ એક્સપ્રેસ ટ્રેનમા કાકાનો સામાન ચઢાવવા જતાં ભીડનો લાભ લઈ આરોપીએ ફરિયાદીનાં મોબાઈલ ફોનની ચીલઝડપ કરતાં પોલીસે રંગે હાથ ઝડપી પાડ્યો હતો. સેશન્સ કોર્ટના જજ કમલેશ નાથાભાઈ પ્રજાપતિની કોર્ટમાં આ કેસની ન્યાયિક કાર્યવાહી ચાલી હતી. સરકાર પક્ષે એપીપી નિતીન ચોડવડીયા કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી.

---

## પોરબંદરના એડ્વોકેટ અકબર સેલોતને હાઈકોર્ટનું વચગાળાનું રક્ષણ

**અકબર** સેલોતની સામે બે FIR નોધાતાં તેમની પાસા હેઠળ અટકાયત થાય તેવી સંભાવનાથી તેમણે હાઈકોર્ટમાં દાદ માંગી હતી

**સુરતના** એડ્વોકેટ અને ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય ઝકી શેખે હાઈકોર્ટ સમક્ષ મામલામાં સેલોતને મદદ કરી હતી

અમદાવાદઃ પોરબંદરમાં છેલ્લા 12 વર્ષથી વધુ સમયથી પ્રેક્ટિસ કરતા એડવોકેટ અકબર સુલેમાન સેલોતના મામલે ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા આજે મહત્વપૂર્ણ વચગાળાનું રક્ષણ આપવામાં આવ્યું છે. તા. 13/08/2026ના રોજ પોરબંદર કલેક્ટર કચેરી ખાતે એક પક્ષકારને લગતા વિવાદ દરમિયાન બનેલી એક જ ઘટનાના અનુસંધાને કમલાબાગ પોલીસ સ્ટેશન ખાતે બે અલગ FIR નોંધવામાં આવી હતી. .

એડવોકેટ સેલોત તરફથી એવો ગંભીર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે તેઓ સંબંધિત પક્ષકારના કાયદેસરના હિત માટે એડવોકેટ તરીકે પોતાની વ્યાવસાયિક ફરજ બજાવી રહ્યા હતા, ત્યારે બનેલી એક જ ઘટનાના આધારે તેમની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હતી અને ત્યારબાદ પાસા હેઠળ કાર્યવાહી થવાની પણ આશંકા ઊભી થઈ હતી.

બંને ગુનાઓમાં સક્ષમ અદાલત દ્વારા તેમને જામીન પણ આપવામાં આવ્યા છે. આ સંજોગોમાં એડવોકેટ સેલોતે હાઈકોર્ટ સમક્ષ PASA હેઠળ સંભવિત અટકાયત સામે રક્ષણ મેળવવા અરજી કરી હતી. આ મામલે ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશનના પ્રમુખ તથા સિનિયર એડવોકેટ યતીન ઓઝાએ પ્રો બોનો ધોરણે એડવોકેટ અકબર સુલેમાન સેલોત તરફથી હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. જ્યારે એડવોકેટ ઝકી મુખ્તિયાર શેખે હાઈકોર્ટ સમક્ષ મામલામાં સહાય કરી હતી અને એડવોકેટ સેલોતની પડખે મજબૂતીથી ઊભા રહ્યા હતા. હાઈકોર્ટની ડિવિઝન બેન્ચના જસ્ટિસ ગીતા ગોપી અને જસ્ટિસ પીરઝાદા દ્વારા અરજદાર એડવોકેટને વચગાળાનું રક્ષણ આપવામાં આવ્યું છે.

---

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### માંડવીની યુવતી...

વિવિધ સેમ્પલ લેવામાં આવ્યા છે. આ સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ દુષ્કર્મ થયું હતું કે કેમ, તેમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી હતી કે નહીં તેમજ ઘટનાની વધુ હકીકતો સ્પષ્ટ થઈ શકશે. સુરત નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના વડા ડો. ચંદ્રેશ ટેલરના જણાવ્યા મુજબ, મૃતકના ગળાના ભાગે ચાર્જિંગ વાયરથી દબાવ્યા હોવાના ઈજાના નિશાન મળી આવ્યા છે. હાલના મેડિકલ તારણ મુજબ ગળાના ભાગે વાયરથી દબાણ કરવામાં આવતા શ્વાસ રૂંધાવાથી મોત થયું હોવાની શક્યતા છે. પોસ્ટમોર્ટમ દરમિયાન નિધિ કુમારીના ગાલ, હોઠ, બંને હાથ તેમજ પગના ભાગે પણ ઈજાના નિશાન મળી આવ્યા હોવાનું ડોક્ટરે જણાવ્યું હતું. આ ઈજાઓ કોઈ બોથડ પદાર્થથી કરવામાં આવી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

### હત્યારા નહીં...

કોલ્ડ સ્ટોરેજમાં રખાયો છે. ઘટનાની જાણ થતાં મોટી બહેન કેનેડાથી અને બીજી બહેન પુણેથી વતન આવી પહોંચી છે. 48 કલાક પછી પણ પોલીસ લૂંટારા-હત્યારાઓને પકડી શકી નથી ત્યારે પરિવારે સ્પષ્ટ જણાવ્યું છે કે જ્યાં સુધી નિર્દોષ દીકરીના હત્યારાઓ જેલના સળિયા પાછળ નહીં ધકેલાય ત્યાં સુધી તેઓ મૃતદેહનો સ્વીકાર કે અગ્નિસંસ્કાર કરશે નહીં. આ બનાવમાં પોલીસે મૃતક નિધિ પટેલના મિત્રવર્તુળને પણ પોલીસ સ્ટેશને બોલાવી તેમનાં નિવેદન લીધાં હતાં.

### ૭૦થી વધુ...

ગેરહાજરીનો ચોક્કસ સમય અને કબાટ તોડ્યા વિના ચાવીથી તિજોરી ખોલવાના પુરાવા કોઈ જાણભેદુની સંડોવણી તરફ સ્પષ્ટ ઈશારો કરી રહ્યા છે. માતા-પિતા પ્રવાસે ગયા હોવાથી ઘરે ફોઈ-ફૂવા નિધિ સાથે હતાં. પરંતુ ૨૩મીની સાંજે આશરે ૬ વાગ્યે ફોઈને અચાનક પથરીનો દુખાવો ઉપડતાં તેઓ સારવાર અર્થે સુરત જવા નીકળી ગયા હતા, જેના કારણે તે જ રાત્રે દીકરી ઘરમાં એકલી રહી ગઈ હતી અને તસ્કરોએ તકનો લાભ ઉઠાવ્યો હતો.

### H1N1ના બે...

5 કેસ સામે આવ્યા હતા. જોકે, આ તમામ દર્દીઓએ સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી હતી અને સ્વસ્થ થયા બાદ તેમને રજા આપી દેવામાં આવી હતી. હાલમાં H1N1નો એકપણ દર્દી હોસ્પિટલમાં દાખલ નથી, તેમજ OPDમાં પણ હાલમાં કોઈ પોઝિટિવ દર્દી નોંધાયેલો નથી. દર્દીઓની સારવાર દરમિયાન ફરજ બજાવતા તબીબો અને આરોગ્ય કર્મચારીઓની સુરક્ષાને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. સંબંધિત સ્ટાફ માટે જરૂરી રસીકરણની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હોસ્પિટલ તંત્રના જણાવ્યા મુજબ, છેલ્લા બે મહિનામાં નોંધાયેલા પોઝિટિવ કેસ અને લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને કોઈપણ સંભવિત સ્થિતિમાં સમયસર સારવાર આપી શકાય તે માટે સિવિલ હોસ્પિટલ સંપૂર્ણપણે તૈયાર રાખવામાં આવી છે. આ અંગે મેડિસિન વિભાગના વડા ડૉ. અશ્વિન વસાવા, બાળરોગ વિભાગના વડા ડૉ. જીગીશા પાટડિયા અને માઈક્રોબાયોલોજી વિભાગના તબીબોએ બેઠક યોજી હતી.

### સોસાયટીમાં ઘર...

(કિંમત રૂ.૨૫,૦૦૦)ની ચોરી કરી હતી. આમ, તસ્કરે એક જ સવારે બે સોસાયટીમાંથી કુલ ૬૫ જોડી બ્રાન્ડેડ બૂટ (કુલ કિંમત રૂ. ૫૫,૦૦૦) નું પોટલું બાંધીને પલાયન થઈ ગયો હતો. ઘટના અંગે નિલેશભાઈ મોરડીયાએ ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવીના આધારે 18 વર્ષીય રેહાન ફિરોઝ અબ્બાસ શેખની ધરપકડ કરી છે. આરોપી મૂળ વડોદરાનો રહેવાસી છે અને હાલ કોસાડ આવાસમાં રહે છે. પોલીસે આરોપીના કબજામાંથી અલગ-અલગ કંપનીઓના 25 જોડી વપરાયેલા મોંઘા બૂટ (જેની કિંમત આશરે રૂ. 20 હજાર છે) તપાસ અર્થે જપ્ત કર્યા છે.

### ફોર્ચ્યુનર કાર...

5555 નંબર મેળવવા માટે અધધ રૂ.4,89,000નો જંગી ખર્ચ કરી દીધો છે. સુરત આરટીઓ કચેરી દ્વારા નવી JZ સિરીઝના ઈ-ઓક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે '0001' કે '0009' જેવા નંબરો સૌથી વધુ કિંમતે વેચાતા હોય છે, પરંતુ આ વખતે '5555' નંબરે બાજી મારી લીધી છે. સુરત RTO દ્વારા જાહેર કરાયેલા ટોપ-10 હરાજીના આંકડા મુજબ GJ05 JZ 5555 નંબર આ સિરીઝમાં સૌથી મોંઘો વેચાયો છે. અડાજણના વાહન માલિક હાર્દિક પટેલ દ્વારા આ નંબર માટે બેઝ પ્રાઈસ રૂ.40,000 ઉપરાંત હરાજીમાં રૂ.4,49,000ની ઊંચી બોલી લગાવીને કુલ રૂ 4,89,000 ચૂકવવામાં આવ્યા છે. આ નંબર ટોયોટા ફોર્ચ્યુનર જેવી 60 લાખની કિંમતની પ્રીમિયમ SUV માટે લેવામાં આવ્યો છે.

માત્ર આ ટોપ-10 ફેન્સી નંબરોની હરાજીમાંથી જ સુરત RTOને અંદાજે રૂ.12.87 લાખની માતબર આવક થઈ છે. વાહનની કિંમતની સામે નંબર પાછળ લાખો રૂપિયા ખર્ચવાનો આ ટ્રેન્ડ સુરતમાં ઉત્તરોત્તર વધતો જઈ રહ્યો છે, જ્યાં લોકો માટે 0001 અને 5555 જેવા નંબરો પોતાની પ્રતિષ્ઠા અને શોખનો વિશેષ વિષય બન્યા છે.

### યુપીના રાજ્યપાલ...

જાણ થતાં જ રેલવે સુરક્ષા દળમાં દોડધામ મચી ગઈ હતી. અંકલેશ્વર સ્ટેશનના RPF ઈન્ચાર્જ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ શરૂ કરી હતી. RPFએ ત્વરિત કાર્યવાહી કરીને આશરે 30 વર્ષીય એક યુવકને ઝડપી પાડ્યો છે. પ્રાથમિક તપાસમાં પકડાયેલ આરોપી નશાનો બંધાણી હોવાનું સામે આવ્યું છે. જો કે, સમાચાર લખાય છે ત્યાં સુધી તેની સત્તાવાર ઓળખ અને પૂછપરછ ચાલુ હતી. રેલવે સુરક્ષા એજન્સીઓ આરોપીની કડક પૂછપરછ કરી રહી છે કે આ પથ્થરમારો જાણી જોઈને કરવામાં આવ્યો હતો કે તેની પાછળ અન્ય કોઈ કારણ હતું. આ ઘટના બાદ રેલવે પ્રશાસન દ્વારા ટ્રેક આસપાસની સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરી દેવામાં આવી છે અને સતર્કતા વધારી દેવામાં આવી છે.

### QR-...

ગણતરી કરવામાં આવી રહી છે. સ્ટોક ઓડિટ પૂર્ણ થયા બાદ ચોરી થયેલા કુલ મુદ્દામાલની ચોક્કસ કિંમત સામે આવશે.

### રૂ. ૧૫થી...

વધુની કિંમતના ઘરેણાં ચોરાયા હોવાનું પ્રાથમિક અનુમાન છે. બીજી તરફ, પોલીસ દ્વારા વારંવાર પૂછપરછ કરવામાં આવી રહી હોવા છતાં કંપનીનું કહેવું છે કે સમગ્ર મામલે મુંબઈ સ્થિત હેડ ઓફિસ તરફથી સત્તાવાર માહિતી આપવામાં આવશે.

### મોંઘવારીની...

હોલસેલ મંડીઓમાં ગોળ રૂ.6500થી રૂ.7000 પ્રતિ ક્વિન્ટલના ભાવે વેચાઈ રહ્યો છે, જેમાં માત્ર છેલ્લા ચાર દિવસમાં જ પ્રતિ ક્વિન્ટલે રૂ.1200નો આકરો ભાવવધારો ઝીંકાયો છે. વેપારીઓના જણાવ્યા મુજબ ગુજરાતના જિલ્લાઓમાં ગોળનું ઉત્પાદન ઓછું થઈ રહ્યું હોવાથી સુરતમાં મોટાભાગનો જથ્થો મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાંથી મંગાવવામાં આવે છે. ગત અઠવાડિયા દરમિયાન ગોળનો ન્યૂનતમ ભાવ રૂ.5200 પ્રતિ ક્વિન્ટલ અને મહત્તમ ભાવ રૂ.6800 પ્રતિ ક્વિન્ટલ રહ્યો હતો, જેની સામે એવરેજ ભાવ રૂ.6000 પ્રતિ ક્વિન્ટલ જોવા મળ્યો હતો. આવનારા દિવસોમાં તહેવારોના કારણે ગોળના ભાવ હજુ વધુ ઊંચકાવાની શક્યતા વેપારીઓ દર્શાવી રહ્યા છે, જેના કારણે લોકોનું માસિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

### અડાજણમાં...

તરીકે જોડાયેલી છે, જેથી આ હાઇપ્રોફાઇલ શોરૂમમાં ચોરીની જાણ થતાં જ અડાજણ પોલીસ કાફલો તેમજ ઉચ્ચ અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

પ્રાથમિક વિગતો મુજબ, અડાજણ એલ.પી સવાણી મધુવન સર્કલ પાસે વેલો સીટી બીઝનેશ હબમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા પાલમોનાસ'ના શોરૂમમાં વહેલી સવારે એક અજાણ્યો તસ્કર પહોંચ્યો હતો. તેણે મુખ્ય શટરનું લોક ટેક્નિકલ રીતે ખોલીને અંદર પ્રવેશ કર્યો હતો. શોરૂમની અંદર પ્રવેશ્યા બાદ તસ્કરે ડિસ્પ્લેમાં મુકેલા કાચના બોક્સ તોડી નાખ્યા હતા અને તેમાં રહેલા કિંમતી જ્વેલરીના દાગીના લઈને ફરાર થઈ ગયો હતો. ચોરીની સમગ્ર કરતૂત શોરૂમમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેમાં એક જ શખ્સ અંદર ઘૂસતો સ્પષ્ટ દેખાય છે. ઘટનાની જાણ થતા અડાજણ પોલીસની કાફલો ઘટના સ્થળે દોડી આવી તપાસ શરૂ કરી હતી.


### સોશિયલ મીડિયા એકાઉન્ટની પણ તપાસ

મૃતક યુવતી સોશિયલ મીડિયા પર સક્રિય હતી અને તેની ઇન્સ્ટાગ્રામ પ્રોફાઇલ પર ૧,૦૦૦થી વધુ ફોલોઅર્સ હતા. પોલીસ આ દિશામાં પણ સાયબર એંગલથી કડીઓ મેળવવા પ્રયાસ કરી રહી છે.

### પોલીસે ટીમ બનાવી તસ્કરની શોધખોળ તેજ કરી

આ ઘટના બાદ ક્રાઈમ બ્રાન્ચ અને અડાજણ પોલીસે સંયુક્ત રીતે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે શોરૂમના તેમજ આસપાસના મુખ્ય રસ્તાઓ પર લાગેલા CCTV ફૂટેજ કબ્જે કર્યા છે. તસ્કર ક્યાંથી આવ્યો હતો, તેની સાથે બહાર કોઈ અન્ય સાગરીત હાજર હતો કે કેમ અને ચોરી કર્યા બાદ તે કઈ દિશામાં ભાગ્યો તે તમામ પાસાઓ પર પોલીસે 3 થી વધુ ટીમો બનાવી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. દરમિયાન, સૂત્રોના જણાવ્યા મુજબ બુકાનીધારી ચાર જેટલા તસ્કરો ચોરીને અંજામ આપ્યા બાદ રિક્ષામાં બેસી ફરાર થયા હોવાનું જાણવા મળ્યું છે.

પૂ. આચાર્યપ્રવરશ્રી પદ્મદર્શનસૂરિજી મ.સાહેબની પ્રેરણાથી
પ. પૂ. યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર
શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજાની
૧૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ




જે સંતાનોને માતાનું ભરપુર વાત્સલ્ય મળે છે, તેઓ દુઃખ સહવાની ખુબ શક્તિ પામે છે

કમલેશ બી. માલાણી - પ્રમુખ નવસારી ડાયમંડ એસોસિએશન